Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૨૨ ● સળંગ અંક : ૧૧૧૦ ● પ્રકાશિત તા-૮-૪-૨૦૨૬,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## અમેરિકા અને ઈરાન વચ્ચે બે સપ્તાહનું સીઝફાયર, હોર્મુઝ સ્ટ્રેટ પણ ખોલાશે

નવી દિલ્હી : અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર ર અઠવાડિયા માટે હુમલા રોકવાની જાહેરાત કરી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રૂથ' પર જણાવ્યું કે, ઈરાન તરફથી તાત્કાલિક 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ખોલવાની શરતે તેઓ બોમ્બમારો અને હુમલા બે અઠવાડિયા માટે સ્થગિત કરવા સંમત થયા છે.

### ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલે જણાવ્યું કે હવે પછીની વાતચીત પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં થશે

ટ્રમ્પે જણાવ્યું કે તેમણે આ નિર્ણય પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીરની અપીલ બાદ લીધો છે. તેમણે કહ્યું- અમને ઈરાન તરફથી ૧૦ મુદ્દાઓનો પ્રસ્તાવ મળ્યો છે. બંને દેશો વચ્ચેના તમામ વિવાદાસ્પદ મુદ્દાઓ પર સહમતી બની ગઈ છે. આગામી બે અઠવાડિયા સમજૂતીને અંતિમ રૂપ આપવા અને તેનો અમલ કરવા માટે જરૂરી રહેશે.

ઈરાને પણ સીઝફાયર (યુદ્ધવિરામ) ની પુષ્ટિ કરી દીધી છે. ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલે જણાવ્યું કે હવે પછીની વાતચીત પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં થશે. ઈરાને બે અઠવાડિયા માટે હોર્મુઝ ખોલવાની જાણકારી આપી અને પોતાના નાગરિકોને કહ્યું કે આ સમયગાળા દરમિયાન રાષ્ટ્રીય એકતા જાળવી રાખો અને જીતનો ઉત્સવ પૂરી તાકાત સાથે ચાલુ રાખો.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગ્નનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેક્શન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-ચંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-ચંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે,
સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં,નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

Dr. RAVI'S Diabetes & Endocrinology Centre
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Ravi Shah
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist

SUPER SPECIALIST DOCTOR FOR DIABETES, THYROID, AND OBESITY
❖ Type 1 & Type 2 Diabetes In People Of All Ages
❖ Diabetes Complications Management
❖ Type 1 Diabetes, Insulin Pump & Continuous Glucose Monitoring
❖ All Types Of Thyroid Disorders
❖ Diabetes And Thyroid Problems In Children And During Pregnancy
❖ Pcos ( Polycystic Syndrome)
❖ Short Height And Pubertal Disorders In Children
DR.RAVI SHAH
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
Morning: 8:30 AM to 9:30 AM
Evening: 4:00 AM to 8:00 PM
Dr. SHIKHA'S Skin Clinic
SKIN • HAIR • LASERS • AESTHETICS
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Shikha Shah
MD (Gold Medalist), DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist

Specialist in Skin and Hair Problems
☑ Skin diseases like eczema, vitiligo psoriasis, fungal infections
☑ Pimples and Acne Treatment
☑ Pigmentation / Dark Spots
☑ Laser Hair Removal
☑ Anti-aging, Peels, Botox, Fillers
☑ Hair Fall Solutions Derma Roller, PRP, GFC Treatments
☑ Pediatric skin diseases
DR.SHIKHA SHAH
MD (Gold Medalist)
DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
OPD Timing: Evening 5 PM to 8 PM
For Appointment : 97370 54800
Shivalik Square, 301-C, Nr. Adani CNG Station, Ramapir Thekra, Nava Vadaj, Ahmedabad, Gujarat 380013

હવેથી નવા સરનામે મળીશું

SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company
Costly Medicines & Injectables at LOW COST
● કેન્સર ● કીડની ● કીમોથેરાપી
● એચઆઈવી ● ન્યુરો ● લીવર
● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ● ઈમરજન્સી
● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો
● ટ્રાન્સપ્લાન્ટ ● ગેસ્ટ્રો ● લાઈફ સેવિંગ
● બ્લડ પ્રોડક્ટ ● દવાઓ અને ઈન્જેક્શન
● વેક્સીન
Pan India Delivery
Wholesale I Retail I Export I Import
Wholesale Price
100 % Genuine Medicine
2°c to 8°c Cold Chain Maintenance
Fast Delivery
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
SCANE FOR LOCATION
૦૨, અંકુર સોસાયટી (વિભાગ-૧), GHB કોમ્પ્લેક્સની સામે, અંકુર ચાર રસ્તા પાસે, અંકુર, નારણપુરા,અમદાવાદ-૧૩.
9978661661, 9375047120

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## ઉમેદવારોની જાહેરાત પહેલાં જ ભાજપ એક્શન મોડમાં

# અમદાવાદમાં ચુંટણી કાર્યાલયોનો ધમધમાટ, ભાજપ કાર્યકરોનું પત્રિકા વિતરણ

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : અમદાવાદ મ્યુનિસીપોલ કોર્પોરેશન એએમસીની ચુંટણીના પડઘમ વચ્ચે ઉમેદવારો જાહેર થાય તે પહેલા જ મધ્યસ્થ કાર્યલયો શરૂ કરવામાં આવ્યા છે. સત્તાધારી પણ ભાજપ દ્વારા ચુંટણીલક્ષી ગતિવિધીઓમાં વેગ લાગતા રવિવારથી જ પ્રચાર અને સંગઠનની કામગીરીનો વિધીવત પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. ભલે હજુ સુધી ઉમેદવારોના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ વિકાસના મુદાને લઈ ભાજપ મેદાનમાં ઉતરી ગયું છે. રવિવારના દિવસથી ભાજપ દ્વારા અમદાવાદના તમામ ૪૯ વોર્ડમાં મધ્યસ્થા ચુંટણી કાર્યાલયો શરૂ કરવામાં આવ્યા હોવાની વિગતો ખુલી છે. પક્ષના પુર્વ હોદેદારો, વરીષ્ઠ નેતાઓ અને સ્થાનીક અગ્રણીઓની ઉપસ્થિતીમાં આ કાર્યાલયનું



ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યાલયો હવે આગામી દિવસોમાં ચુંટણીલક્ષી રણનીતી સભાઓ અને કાર્યકરોરના સંકલન માટેનું મુખ્ય કેન્દ્ર બનશે. ઉમેદવારો નકકી થયા પહેલા જ કાર્યાલયો શરૂ કરી ભાજપે વિરોધ પક્ષો સામે મેળવવાનો સરસાઈ મેળવવાનો પ્રયાસ કર્યો છે. ચુંટણીનો જાહેરાત સાથે જ ભાજપે પાયાના સ્તરે કામગીરી શરૂ કરી દીધી છે. રવિવારથી જ શહેરભરમાં પત્રીકા વિતરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. જ્યાં બુથ પ્રમુખો અને પેજ સમીતીના સભ્યો સક્રીય થયા છે. સ્થાનીક કોર્પોરેટરો અને પક્ષના કાર્યકરો ઘરે ઘરે જઈ રહયા છે. સરકાર અને કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલા વિકાસલક્ષી કાર્યોની વિગતો પત્રીકા દ્વારા લોકો સુધી પહોચાડવામાં આવી રહી છે. સામાન્ય રીતે ઉમેદવારોના નામ જાહેર થયા બાદ પ્રચાર શરૂ થતો હોય છે. પરંતુ આ વખતે ભાજપે કમળ ના નિશાનનો આગળ રાખીને પ્રચાર શરૂ કરી દીધો છે. પક્ષના સુત્રોના જણાવ્યા અનુસારે ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા આખરી તબકકામાં છે. પરંતુ સંગઠન મજબુત હોવાથી પ્રચારમાં વિલંબ કરવામાં આવ્યો નથી. સોમવારથી શહેરમાં રાજકીય ગરમાવો વધુ તેજ બનશે અને અન્ય પક્ષો પણ પોતાની રણનીતી સ્પષ્ટ કરશે તેવું જણાઈ રહયું છે. આમ અમદાવાદમાં હવે ચુંટણીનો માહોલ બરાબરનો જામ્યો છે. એક તરફ ભાજપે કાર્યાલયો ખોલીને ચુંટણીના શ્રીગણેશ કર્યા છે. તો બીજી તરફ જનતામાં પણ આગામી કોર્પોરેશનની ચુંટણીને લઈને ઉત્સુકતા જોવા મળી રહી છે.

## નવા વાડજમાં પરિણીતાનો છઠ્ઠા માળેથી કૂદીને આપઘાત, પતિના ત્રાસથી કંટાળીને જીવન ટૂંકાવ્યું

અમદાવાદ : અમદાવાદના નવા વાડજ વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં એક પરિણીતાએ સાસરિયાના અને પતિના અસહ્ય ત્રાસથી કંટાળીને બિલ્ડિંગના છઠ્ઠા માળેથી પડતું મૂકી પોતાનું જીવન ટૂંકાવ્યું છે. ગત ૨૦મી માર્ચના રોજ બનેલી આ ઘટના અંગે મૃતકના ભાઈએ રવિવારે (પાંચમી એપ્રિલ) પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. મળતી માહિતી અનુસાર, મૃતક રીનાબેન (નામ બદલ્યું છે) ના લગ્ન અંદાજે ૧૫ વર્ષ પૂર્વે રાજસ્થાનના ચિત્તોડગઢ ખાતે રહેતા વિપુલ શર્મા સાથે થયા હતા. સુખી લગ્નજીવનની આશા સાથે શરૂ થયેલી આ સફરમાં તેમને એક પુત્ર પણ છે. જોકે, લગ્નના થોડા સમય બાદથી જ પતિ વિપુલ શર્મા દ્વારા રીનાબેનને શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કરી દેવાયું હતું. સામાજિક મર્યાદા અને બદનામીના ડરે રીનાબેન વર્ષો સુધી આ બધું જ સહન કરતા રહ્યા હતા.માનસિક સ્થિતિ કથળતા પિયરમાં સારવાર ચાલતી હતી સતત મળતા ત્રાસને કારણે નવેમ્બર-૨૦૨૫માં રીનાબેનની માનસિક સ્થિતિ કથળી હતી, જેથી તેમને અમદાવાદ સ્થિત પિયરમાં લાવવામાં આવ્યા હતા. અહીં સાયકોલોજિસ્ટ પાસે તેમની સારવાર ચાલી રહી હતી. આ દરમિયાન પણ ૧૩મી ફેબ્રુઆરીએ પતિ વિપુલ શર્માએ અમદાવાદ આવીને પત્નીને સાથે રાખવાની ના પાડી ડિવોર્સની ધમકી આપી હતી. આપઘાતના એક દિવસ પહેલા, એટલે કે ૧૯મી માર્ચના રોજ ફરીથી પતિએ ફોન પર ડિવોર્સ લેવાની જીદ કરી માનસિક ત્રાસ આપ્યો હતો. આ સતત ટોર્ચરથી હતાશ થઈને રીનાબેને બીજે દિવસે (૨૦મી માર્ચ) સવારે છઠ્ઠા માળેથી મોતની છલાંગ લગાવી હતી. હોસ્પિટલમાં બે-ત્રણ કલાકની ટૂંકી સારવાર બાદ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બહેનની અંતિમ વિધિ પૂર્ણ કર્યા બાદ આઘાતમાંથી બહાર આવેલા ભાઈએ હવે ન્યાય માટે પોલીસના દ્વાર ખખડાવ્યા છે. પોલીસે આરોપી પતિ વિપુલ શર્મા વિરુદ્ધ આપગાત માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદમાં કોંગ્રેસ અધ્યક્ષના નિવેદનનો ઉગ્ર વિરોધ, BJP નેતાઓએ કાળી પટ્ટી બાંધી આક્રોશ નોંધાવ્યો




અમદાવાદ : કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતની જનતા માટે કરવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદન બાદ રાજયભરમાં રાજકીય પારો ગરમાયો છે. આ નિવેદનના વિરોધમાં મંગળવારે અમદાવાદ શહેર ભાજપ દ્વારા શહેરના જાણીતા ઈક્રમટેક્સ ચાર રસ્તા ખાતે એક વિશાળ ધરણા પ્રદર્શન કરી ખડગેના નિવેદનને વખોડી કાઢ્યો હતો.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદ શહેર ભાજપ દ્વારા યોજાયેલ ધરણા પ્રદર્શનમાં ભાજપના કાર્યકર્તાઓ અને નેતાઓએ ખડગેના નિવેદનને ગુજરાતની અસ્મિતાનું અપમાન ગણાવ્યું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન ભાજપના કાર્યકર્તાઓ પોતાના હાથ પર કાળી પટ્ટી બાંધીને આવ્યા હતા. આશ્ચર્યજનક રીતે, આક્રમક સૂત્રોચ્ચારને બદલે કાર્યકર્તાઓએ મૌન ધારણ કરીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો, જે ખડગેના નિવેદન સામે એક ગંભીર સંદેશ આપવાનો પ્રયાસ હતો.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગુજરાતીઓને અભણ કહેવાના નિવેદનના રાજકીય રીતે ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. આ વિરોધ પ્રદર્શનમાં ભાજપ શહેર પ્રમુખની આગેવાનીમાં અમદાવાદના ધારાસભ્યો અમિતભાઈ શાહ, દિનેશભાઈ કુશવાહ, અને અમૂલભાઈ ભટ્ટ સહિતના અગ્રણી નેતાઓ હાજર રહ્યા હતા. તેમની સાથે અમદાવાદ શહેર ભાજપના વિવિધ હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા.












## હાઉસિંગની કેટલીક સોસાયટીઓમાં અલગ અલગ મુદ્દે રીડેવલપમેન્ટ અટકયા ત્યારે

# જર્જરિત મકાનોમાં રહેવા રહીશો મજબુર : દૂર્ઘટના સર્જાશે તો જવાબદારી કોની?

### અસંમત સભ્યોની વિવિધ માગણીઓ, જેમાં મુખ્યત્વે ૪૦ ટકા કાર્પેટ એરિયાની સામે થ્રી બીએચકીની માંગણી, જમીન હક્ક, સાત માળ, ફ્રી હોલ્ડ, સેલ્ફ રીડેવલપમેન્ટ વગેરે બાબતે રીડેવલપમેન્ટની પ્રક્રિયા અટકી

અમદાવાદ : અમદાવાદમાં છેલ્લાં બે વર્ષના ગાળામાં હાઉસિંગ બોર્ડે ૬૦થી વધુ પ્રોજેકટ મંજુર કર્યા હોવાનું સુત્રો જણાવી રહ્યા છે.સાથે સાથે અનેક સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની પ્રક્રિયાની કાર્યવાહી ચાલી રહી છે, તો બીજી તરફ છેલ્લાં એકાદ વર્ષથી એમાંય ખાસ કરીને ૨૦૨૫ના વર્ષ દરમિયાન છેલ્લા ત્રણ મહિનામાં હાઉસિંગ બોર્ડની સોસાયટીઓમાં રીડેવલપમેન્ટ પ્રક્રિયામાં આંશિક ઘટાડો જોવા મળ્યો છે.જેમાં અલગ અલગ સોસાયટીઓમાં રીડેવલપમેન્ટ મુદ્દે મતમતાંતર જોવા મળી રહ્યા છે.અનેક સોસાયટીઓમાં બહુમત સભ્યો રીડેવલપમેન્ટ માટે મંજુરી આપે છે તો કયાંક વિરોધ પણ જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં સોલા, નારણપુરા અને નવા વાડજ સહિત પૂર્વના અનેક વિસ્તારોમાં હાઉસિંગ બોર્ડની અનેક સોસાયટીઓ (કોલોનીઓ) આવેલ છે, જેમાં અનેક સોસાયટીઓમાં અનેક મકાનો જર્જરિત અને જોખમી અવસ્થામાં હોવાનું મનાય છે. કેટલીક સોસાયટીઓ તો આખે આખી જર્જરિત અને જોખમી અવસ્થામાં હોવાનું બોર્ડ અને મ્યુ કોર્પોરેશન જણાવી રહ્યા છે.

અમદાવાદમાં અલગ અલગ સોસાયટીઓમાં અલગ અલગ મુદ્દે રિડેવલપમેન્ટ ખોરંભે ચડયા છે.મોટાભાગની સોસાયટીઓમાં બહુમત સભ્યો રીડેવલપમેન્ટ ઝંખી રહ્યા છે ત્યારે જુજ સભ્યો રોળા નાખી રીડેવલપમેન્ટ અટકાવી રાખવાનો અસંમત સભ્યો પર આરોપ લગાવી રહ્યા છે. અસંમત સભ્યોની માગણીઓ, જેમાં મુખ્યત્વે ૪૦ ટકા કાર્પેટ એરિયાની સામે થ્રી બીએચકીની માંગણી, જમીન હક્ક, સાત માળ, ફ્રી હોલ્ડ, સેલ્ફ રીડેવલપમેન્ટ વગેરે બાબતે રીડેવલપમેન્ટની પ્રક્રિયા અટકેલ છે.

પરંતુ આ તમામ પ્રશ્નો સમસ્યાઓની વચ્ચે સૌથી મોટો યક્ષ પ્રશ્ન એ છે કે સોસાયટી દીઠ બે-પાંચ ટકા જુજ અસમત સભ્યોને કારણે રીડેવલપમેન્ટ ઈચ્છતા સોસાયટીના બહુમતી સભ્યોને જર્જરિત અને જોખમી મકાનોમાં રહેવાનો વારો આવ્યો છે. તેઓ જીવના જોખમે લોકો રહેવા મજબૂર બન્યા છે. ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે આગામી સમયમાં આવનાર ચોમાસામાં વરસાદનો લઈને અનેક સોસાયટીઓમાં સમારકામને અભાવે જર્જરિત અને જોખમી મકાનોમાં કોઈ જાનહાનિ સર્જાશે તો જવાબદારી કોની...? રહીશની ? એસોસિયેશનની ? હાઉસિંગ બોર્ડની કે અસંમત સભ્યોની ?

# ગુજરાતમાં રિયલ એસ્ટેટમાં બ્રેકઃ નવા પ્રોજેક્ટ્સના રજીસ્ટ્રેશનમાં કોરોના કાળ પછીનો સૌથી મોટો ઘટાડો

અમદાવાદઃ ગુજરાતના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં નવા પ્રોજેક્ટ્સના રજીસ્ટ્રેશનમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. GujRERAના ડેટા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬ માં નવા પ્રોજેક્ટ્સની સંખ્યા ઘટીને ૧,૬૧૦ થઈ ગઈ છે, જે કોરોના પ્રભાવિત વર્ષ ૨૦૨૧ પછીનો સૌથી નીચો આંકડો છે. ઉદ્યોગના નિષ્ણાતોનું કહેવું છે કે, મહામારી પછીના સતત ચાર વર્ષની મજબૂત માંગ બાદ હવે બજારમાં ઠંડક જોવા મળી રહી છે. નવા લોન્ચિંગમાં આવેલો આ ઘટાડો માર્કેટમાં વધુ પડતા સપ્લાય અને ડેવલપર્સ દ્વારા અપનાવવામાં આવેલી સાવચેતીભરી નીતિ દર્શાવે છે.

ગુજરાતના કુલ રજીસ્ટ્રેશનમાં અમદાવાદ ૫૦૬ પ્રોજેક્ટ્સ સાથે મોખરે રહ્યું છે.વર્ષ ૨૦૨૧ થી, રાજ્યમાં વાર્ષિક પ્રોજેક્ટ રજીસ્ટ્રેશન સતત ૧,૭૦૦ થી ઉપર રહ્યું હતું. જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૬ માં અગાઉના વર્ષની સરખામણીએ લગભગ ૨૧૧ પ્રોજેક્ટ્સનો ઘટાડો નોંધાયો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, છેલ્લા ચાર વર્ષમાં મોટી સંખ્યામાં પ્રોજેક્ટ્સ લોન્ચ થયા છે, જેમાંથી ઘણા હજુ નિર્માણ હેઠળ છે. સામાન્ય રીતે પ્રોજેક્ટ પૂરો થતા ત્રણ વર્ષનો સમય લાગે છે, તેથી ડેવલપર્સ હવે નવા પ્રોજેક્ટ લોન્ચ કરવામાં ઉતાવળ કરવાના બદલે સાવચેતી રાખી રહ્યા છે. જોકે, અમદાવાદ 2030 માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરવાનું હોવાથી, નાણાકીય વર્ષ ૨૦૨૭માં નવા લોન્ચિંગમાં ઉછાળો આવવાની આશા છે.

અમદાવાદ ૫૦૬ પ્રોજેક્ટ્સ સાથે મોખરે છે. સુરતમાં ૩૨૮, વડોદરામાં ૨૦૯, ગાંધીનગરમાં ૧૬૯ રાજકોટમાં ૧૦૯, ભાવનગરમાં ૮૭ પ્રોજેક્ટ્સ છે. સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ ૬૬૩ પ્રોજેક્ટ્સ રહેણાંક ક્ષેત્રે નોંધાયા છે. બીજા ક્રમે મિક્સ યુઝ કેટેગરી હતી. તેમાં ૫૧૮ પ્રોજેક્ટ છે. જ્યારે ૨૩૩ કોમર્શિયલ પ્રોજેક્ટ્સ નોંધાયા છે. પ્લોટેડ ડેવલપમેન્ટમાં સુરત ૧૨૪ પ્લોટેડ પ્રોજેક્ટ્સ સાથે રાજ્યમાં સૌથી આગળ રહ્યું છે.

ડેટા સ્પષ્ટ કરે છે કે રહેણાંક મકાનોમાં હજુ પણ અમદાવાદ ૨૨૩ પ્રોજેક્ટ્સ અને વડોદરા ૧૨૩ પ્રોજેક્ટ્સનું વર્ચસ્વ છે, જ્યારે કોમર્શિયલ સેગમેન્ટમાં પણ અમદાવાદ અને સુરત અગ્રેસર છે. માર્કેટમાં છેલ્લા કેટલાક મહિનાથી પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાના કારણે રિયલ એસ્ટેટ માર્કેટ અત્યારે થોભો અને રાહ જુઓની સ્થિતિમાં છે.

# ગુજરાતના નાનાં શહેરોમાં એફેડેબલ હાઉસીંગની માગ વધી

અમદાવાદ : દેશમાં હાઉસીગ સેકટરે ઝડપથી વિકસી રહયું છે. ત્યારે ગુજરાતમાં નાના શહેરો હવે રિયલ એસ્ટેટ અન્ય હાઉસીગ ફાઈનાન્સના નવા ગ્રોથ એન્જીન તરીકે ઉભરી રહયા છે. ઈઝીહોમ ફાઈનાન્સ લીમીટેડના ચીફ ઓપરેટીગ ઓફીસર સીઓઓ વિશાલ વાલેચાએ જણાવ્યું હતું કે, ગુજરાતના ટિચર-૨ અને ટીયર-૩ શહેરોમાં સસ્તાં આવાસો માટેની લોન અરજીઓમાં અભુતપુર્વમાં વધારો જોવા મળી રહયો છે. ખાસ કરીને સુરત, વડોદરા, રાજકોટ, અને અમદાવાદના આઉટસ્કાઉટસ ઉપરાંત ભાવનગર જામનગર મહેસાણા અને ભરૂચ જેવા શહેરોમાં ડિમાન્ડ ઝડપથી વધી રહી છે. વિશાલ વાઘેલાએ માર્કેટના વલણો અંગે વિગતો આપતા જણાવ્યું હતું. કે આ માર્કેટમાં સૌથી પ્રોત્સાહક બાબત એ છે કે અહી ૭૦ થી૮૦ ટકા ખરીદ દારનો એન્ડયુઝસ એટલે કે પોતાના વપરાશ માટે ઘર ખરીદનારા પરીવારો છે, રોકાણકારો નહી. અમદાવાદ, વડોદરા સુરત, બેલ્ટ અને ગીફટ સીટીમાં થઈ રહેલા ઔધોગીક વિકાસને કારણે લોકો સ્થાનીક સ્તરે સ્થાયી થઈને પોતાના પ્રથમ ઘરની ખરીદી કરી રહયા છે. મેટ્રો શહેરની સરખામણીએ અહી ઘરો ૩૦થી૫૦ ટકા સસ્તા હોવાની મધયમવર્ગ માટે ઘરનું ઘર ખરીદવું વધુ સરળ બન્યું છે.



### ટિકિટ માટે પક્ષમાં 'પરિવારવાદ'નું આક્રમણઃ નેતાઓના સગા-વ્હાલા મેદાનમાં

# ભાજપમાં બેઠક દીઠ ૨૦ દાવેદારો, કોંગ્રેસમાં ૬, જયારે 'આપ'ને ફાંફા..!!

અમદાવાદ : અમદાવાદ સહિત સમગ્ર રાજયમાં રાજકીય પક્ષોમાં આગામી ચુંટણીને લઈ ગરમાવો તેજ બન્યો છે.કોર્પોરેશન, તાલુકા અને જીલ્લાની બેઠકો પર દાવેદારી નોધવવા માટે નેતાઓની દોડાદોડ વધી છે. પરંતુ આ વખતે સેવાના નામે પરીવારવાદનું વર્ચસ્વ વધુ જોવામળી રહયું છે. ટીકીટ વાંછુઓમાં જોવા પતિ-પત્ની દીકરા સસરા અને કાકા સસરા સુધીના સગાસંબંધીઓને દાવેદારી નોધાવતા પાયાના અને નિષ્ઠાવાન કાર્યકરો વેઈટીગમાં મુકાયા છે. જેના લીધે પાયાના કાર્યકરોમા ભારે રોષ જોવા મળી રહયો છે. ટીકીટોની જાહેરાત બાદ મોટી ઉથલપાથલના સંકેત વર્તાઈ રહયા છે. છેલ્લી ઘડીએ ખેલ પાડી માનીતાઓને જીતાડવાના માટે અત્યારથી જ ચોકઠા ગોઠવવામાં આવી રહયા છે.જીલ્લાની રાજકીય સ્થિતીનું વિશ્લેષણ કરીએ તો ભાજપમાં એક એક બેઠક માટે ૨૦-૨૦ દાવેદારોના રાફડો ફાટયો છે. જેની સામે કોગ્રેસમાં સરેરાશ ૬



દાવેદારો જોવા મળી રહયા છે. બીજી તરફ આમ આદમી પાર્ટી આપ માટે સ્થિતી કપરી છે. કારણ કે મોટાભાગના તાલુકાઓમાં તેમને સક્ષમ ઉમેદવારો શોધતા મુશ્કેલ બની રહયા છે. આપની ટીકીટ પર ચુંટણી લડવા માટેનો બિનજરૂરી ખર્ચ કરવો હાલની સ્થિતીએ ઉમેદવારોને ભારે પડી શકે છે. ભાજપાં જયારે નિરીક્ષકે સેન્સ ેલેવા પહોચ્યા ત્યારે કાર્યકરોએ સ્પષ્ટ શબ્દોમાં આક્રોશ ઠાલવતા જણાવ્યું હતુંકે, જુના જોગીઓને પડતા મુકી નવા અને સક્રીય ઉમેદવારોને તક આપો. રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા છે. કે અત્યારે જે ઉમેદવારો દાવેદારી કરી રહયા છે. તેમાંથી કેટલાક ખરેખર ચુંટણી લડવા માંગતા નથી. તેઓ છેલ્લી ઘડીએ ફોર્મ ખેચીને અથવા મેદાન છોડીને પોતાના માનીતા કે અન્ય પક્ષના ઉમેદવારોને ફાયદો કરાવવા અત્યારથી જ આંતરીક ગોઠવણો કરી રહયા છે. કોગ્રેસ ભવનમાં પણ દાવેદારોના આંટાફેરા વધ્યા છે. પરંતુ સ્થાનીક નેતાઓ પાસે સીધી સત્તા ન હોવાથી તેઓ પોતાના માનીતાઓમાં ખાતરી આપી શકતા નથી. ટીકીટોની જાહેરાત બાદ જીલ્લાના રાજકારણમાં મોટા પાયે તોડજોડ અને ઉથલપાથલ થવાની પુરેપુરી શકયતા સેવાઈ રહી છે. ઉમેદવારો નકકી થયા બાદ અસંતુષ્ટો કયા પક્ષમાં ભળે છે, તે જોવું રહયું.

# શહેરના અનેક વિસ્તારોમાં ખાણીપીણીજન્ય રોગચાળામાં વધારો નોંધાયો


### મ્યુનિ. ફૂડ વિભાગ તેમજ ઝોન-વોર્ડનું ઈજનેર વિભાગ આ બન્ને પ્રકારની સમસ્યા ડામવામાં નિષ્ફળ નિવડ્યાં

અમદાવાદ : શહેરમાં ગરમીની મોસમ તેમજ ભેળસેળયુક્ત અને જાહેર આરોગ્યને હાનિ પહોંચાડે તેવા ખાદ્યપદાર્થોનાં ધૂમ વેચાણને પગલે તથા પ્રદૂષિત પાણીનાં કારણે ઝાડા ઊલટી, ટાઈફોઈડ જેવા રોગચાળામાં વધારો નોંધાયો છે, પરંતુ મ્યુનિ. હેલ્થ ખાતાનાં ચોપડે કોઈ અકળ કારણોસર ઓછા કેસ નોંધાઈ રહ્યાં છે.શહેરમાં છેલ્લા કેટલાય સમયથી ખાણીપીણીનો ધંધામાં વ્યાપક પ્રમાણમાં વધારો થયો છે. જ્યાં જુઓ ત્યાં ખાણીપીણીની લારીઓ, ફાસ્ટફૂડની દુકાનો, રેસ્ટોરન્ટ, હોટલોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે, આ સિવાય ખાણીપીણીની ચીજવસ્તુઓનાં ઉત્પાદકો પણ વધ્યા છે. પરંતુ ખાણીપીણીની ચીજવસ્તુ વેચનારા કેટલાય ધંધાર્થીઓ હલકી ગુણવત્તાનાં ખાદ્યપદાર્થોનો ઉપયોગ કરતાં હોવાથી તેમજ સ્વચ્છતા અને અન્ય નિયમોનું પાલન નહિ કરતાં હોવાથી નાગરિકોને વિવિધ પ્રકારની બિમારીનો ભોગ બનવું પડી રહ્યું છે.શહેરમાં પ્રદૂષિત પાણીનાં કારણે પણ નાગરિકોને ઝાડા ઊલટી, કમળો, ટાઈફોઈડ અને કોલેરાનો રોગચાળો ફેલાય છે. મ્યુનિ. ફૂડ વિભાગ તેમજ ઝોન-વોર્ડનું ઈજનેર વિભાગ આ બન્ને પ્રકારની સમસ્યા ડામવામાં નિષ્ફળ નિવડ્યાં છે. મ્યુનિ.નાં અર્બન હેલ્થ સેન્ટરો તેમજ ખાનગી દવાખાનાઓમાં લોકો ઝાડા ઊલટી, કમળો, ટાઈફોઈડની સારવાર લેતાં હોવા છતાં મ્યુનિ. હેલ્થ ખાતાનાં ચોપડે છેલ્લા પાંચ દિવસમાં ખાણીપાણીજન્ય ગણાતાં રોગચાળાનાં ફક્ત ૧૩૦ જેટલાં જ કેસ નોંધાયા છે. તેની સામે તાજેતરમાં જ પિકનિક હાઉસ, ગર્લ્સ હોસ્ટેલ વગેરે જગ્યાએ જ ઝાડા ઊલટીનાં ૧૦૦થી વધુ કેસ નોંધાઈ ચૂક્યા છે.આ સિવાય ગરમીની મોસમ ચાલુ હોવાથી મેલેરિયા અને ઝેરી મેલેરિયા ફેલાવતાં મચ્છરની ઉત્પત્તિ ઉપર અંકુશ આવ્યો છે, પરંતુ ડેન્ગ્યુ ફેલાવતાં મચ્છરની ઉત્પત્તિ હજુ સુધી અંકુશમાં નહિ આવતાં ડેન્ગ્યુનાં કેસ નોંધાઈ રહ્યાં છે અને ડેન્ગ્યુની શંકાથી મ્યુનિ. અર્બન હેલ્થ સેન્ટરોમાં જ ૬૪૦ સીરમ સેમ્પલ લેવાયા હતા. તેવી જ રીતે અર્બન હેલ્થ સેન્ટરોમાં તાવની ફરિયાદ લઈ આવનારા લોકોનાં લોહીનાં નમૂના લઈ તપાસાય છે, આ પ્રક્રિયા અંતર્ગત છેલ્લા પાંચ દિવસમાં ૧૬-૧૭ હજાર લોહીનાં નમૂના લેવાયા છે.










Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.